## ઊર્ધ્વલોક વિષે જાણવા જેવું

સમભૂતલા પૃથ્વીથી ઉપર ૯૦૦ યોજન સુધી તિર્છાલોક છે. તેની ઉપરથી શરૂ કરી લોકના અગ્રભાગ સુધી ઊર્ધ્વલોક છે.

ઊર્ધ્વલોકમાં શું છે?

ઊર્ધ્વલોકમાં ૧૨ દેવલોક, ૩ કિલ્બિષિક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન, સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર છે. તેમજ સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન છોડી ઉપરનો મેરુ પર્વત છે.

ઊર્ધ્વલોકનું માપ: ઊંચાઈ: તિર્છાલોકની ઉપરથી શરૂ કરી લોકના અંત સુધી એટલે ૭ રાજ (૭ રજ્જુ)માં કંઈક ઓછું છે.
લંબાઈ: પહેલા દેવલોક પાસે ૧ રાજથી કંઈક વધારે પહોળો અને વધતા વધતા પાંચમા દેવલોક પાસે પાંચ રાજ. ત્યાંથી ફરી પાછો ઘટતા ઘટતા સિદ્ધક્ષેત્ર પાસે એક રાજ છે.

ઊર્ધ્વલોકનું સ્વરૂપ: (૧) દેવો વિમાનમાં રહેતા હોવાથી વૈમાનિક કહેવાય છે.

(૨) પહેલું અને બીજું દેવલોક જોડાજોડ રહેલ છે. મેરુપર્વતની દક્ષિણ દિશામાં પહેલું સૌધર્મ દેવલોક અને ઉત્તર દિશામાં બીજું ઈશાન દેવલોક આવેલ છે. દેવીઓ માત્ર આ બે દેવલોકમાં જ હોય છે. તે બે પ્રકારની હોય છે. ૧. પરિગ્રહિતા ૨. અપરિગ્રહિતા. પરિગ્રહિતા એટલે દેવની માલિકીની. જે દેવના મહેલમાં ઉત્પન્ન થાય છે. અપરિગ્રહિતા દેવી એટલે કોઈ દેવથી બંધાયેલી નહીં. પોતાના મહેલમાં જ ઉત્પન્ન થાય છે. ઉપરના દેવલોકના દેવો તેને બોલાવી, દેવીની ઈચ્છા હોય તો, ભોગ ભોગવી શકે છે. બીજા દેવલોકથી ઉપર દેવી નથી.

(૩) દેવ, દેવશય્યામાં જ ઉત્પન્ન થાય છે અને આયુષ્ય પૂર્ણ ન કરે ત્યાં સુધી તે શય્યામાં બીજો દેવ ઉત્પન્ન થતો નથી. વૈમાનિક દેવો સદા ૩૨ વર્ષના યુવાન લાગે છે અને અપરંપાર દૈવી સુખો ભોગવે છે. ઉપર ઉપરના દેવોમાં અધિક અધિક સુખ હોય છે.

ગૌતમસ્વામી: હે કરુણાસાગર! ક્યા કર્મો કરીને જીવ નરકમાં જાય?

ભગવાન: જે જીવ હિંસા કરે, જૂઠું બોલે, ચોરી કરે, પરસ્ત્રીનું સેવન કરે અને ઘણા પ્રકારના પાપ પરિગ્રહમાં આસક્ત હોય તે જીવ નરકમાં જાય. આ ઉપરાંત જે જીવ અતિ ક્રોધી, અતિ અભિમાની, માયાવી, રૌદ્રસ્વભાવી, પાપી, ચાડી ખાનાર, અતિ લોભી, સાધુની નિંદા કરનાર, અધર્મી, અસંબદ્ધ વચન બોલનાર, દુષ્ટ બુદ્ધિવાળો, અને કૃતઘ્ન હોય તે જીવ અત્યંત દુઃખ અને શોક પામીને નરકમાં જાય છે.

ગૌતમસ્વામી: હે ક્ષમાસાગર! જીવ તિર્યંચગતિમાં શાથી જાય છે?

ભગવાન: હે ગૌતમ! જે માણસ પોતાના સ્વાર્થ માટે મિત્રને છોડે, પોતાનું કાર્ય થયા પછી મિત્રનો ત્યાગ કરે. મિત્રને દુઃખમાં નાંખે અને મિત્રનું અશુભ બોલે, પોતાની ગુપ્ત વાત મિત્રને જણાવે નહિ. જે નિર્દય હોય, માયાવી હોય તે જીવ મૃત્યુ પામીને તિર્યંચગતિમાં જાય છે.

**ગૌતમસ્વામી:** હે પ્રભુ! જીવ દેવલોકમાં કયા કારણોથી જાય?

**ભગવાન:** હે ગૌતમ! જે જીવ તપમાં, સંયમ-ચારિત્રમાં અને દાનમાં રુચિવાળો હોય, જે સ્વભાવથી ભદ્ર-સરળ પરિણામી હોય, ગુરુવચનમાં શ્રદ્ધાવાળો હોય, જ્ઞાન-દર્શન અને ચારિત્રનો આરાધક હોય તે જીવ મૃત્યુ પામીને ઊંચા દેવલોકમાં જાય છે.

મુખ્ય ચાર કારણો: (૧) સરાગ સંયમ (સાધુ જીવન) (૨) સંયમાસંયમ (શ્રાવક) (૩) બાલતપ (અજ્ઞાન) અને (૪) અકામનિર્જરા (સમજ્યા વિના સહન કરે) આ ચારેમાં સહન કરવાનું છે.

---

**ગૌતમસ્વામી:** હે ભગવાન! કયા કારણોથી જીવ મનુષ્ય ગતિમાં જાય?

**ભગવાન:** જે જીવ સરળ સ્વભાવવાળો હોય, નિરભિમાની હોય, મંદ કષાયવાળો હોય, સુપાત્રને દાન આપનારો હોય, મધ્યસ્થભાવનાવાળો હોય, ન્યાયી હોય, સાધુના ગુણોની પ્રશંસા કરનારો હોય, અલ્પ પરિગ્રહવાળો હોય, સંતોષી હોય, દેવ-ગુરુનો ભક્ત હોય તે જીવ મનુષ્ય થાય.

**સરાગસંયમ:** રાગ થી સહિત તે સરાગ.
સંયમ એટલે પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્તિ.
રાગ સહિત સંયમ તે સરાગસંયમ કહેવા
રાગ સહિત વ્યક્તિનો સંયમ તે સરાગસંયમ કહેવા
સંજ્વલનકષાયના ઉદયવાળા મુનિઓનું સંયમ તે સરાગસંયમ

**બીજી વ્યાખ્યા:** દેવ-ગુરુ-ધર્મ ઉપરના અતિશય
રાગ પૂર્વકનો સંયમ. કહેવા ચારિત્રવાન મહાત્મા ઉપરનો
રાગ વાળો સંયમ

**દેશવિરતિસંયમ** કહેવા સંયમાસંયમ – અલ્પ વિરતિ - અલ્પ અવિરતિ

**અકામનિર્જરા:** ઈચ્છા વિના પરવશતાથી દુઃખ સહન કરવું

**બાલતપ:** મિથ્યાત્વમાં કરેલો તપ. સંસાર સુખની ઇચ્છાવાળો તપ.
અજ્ઞાનતાથી એમ ઇચ્છાપૂર્વક કરાતો તપ.

સરાગસંયમ/સંયમાસંયમ → વૈમાનિક / વૈમાનિકદેવ || અકામનિર્જરા / બાલતપ } → ભવનપતિ / વ્યંતર

કેવા પુરુષો યુગલિક બને? (યુગલિયા મનુષ્ય)

જેઓએ માત્ર દાન-પુણ્ય કર્યા છે.
જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી નથી તેઓ
દેવગતિ મળતી નથી. તે મરીને યુગલિક થાય છે
ત્યાં પુણ્યના ફળ ભોગવે છે. તેઓ ધર્મના સંયોગ
મળતા નથી.

પરમાધામી દેવ કોણ બને ?

જે મનુષ્ય ધર્મ કરે, પુણ્યના કાર્યો કરે પણ દ્વેષ ઘણો કરે જેમ કે હિંદુ મુસલમાનને જોઈને દ્વેષ કરે. આમ પુણ્ય કરવા છતાંય અતિ દ્વેષના સંસ્કારના કારણે પરમાધામી બને અને નારકીને દુઃખ આપી રાજી થાય.

---

કિલ્બિષિક દેવ કોણ બને ?

જ્ઞાની આચાર્યના શુશ્રૂષા કરે પણ તીર્થંકરના, સાધુ સાધ્વીના, ચતુર્વિધ સંઘના અવર્ણવાદ કરે, નિંદા કરે, ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તે મૃત્યુ પામીને વૈમાનિક તો થાય પણ કિલ્બિષિક જેવા (ચમાર, શુદ્ર જેવા હલકા) દેવ થાય.

---

વ્યંતર દેવ કોણ બને ?

જે મનુષ્ય ધર્મ કરે, પુણ્ય કરે, વ્રત નિયમ કરે કુતુહલવૃત્તિ ઘણી હોય, રમવા ફરવા, ક્રીડાઓના શોખીન હોય તે જીવો મૃત્યુ પામીને વ્યંતર દેવ બને.

ભવનપતિ અને જ્યોતિષી દેવ ક્યાં જાય?

જો વ્રત નિયમ ના હો પણ તેની વિરાધના કરે, શુદ્ધિ ન પામે તેઓ ભવનપતિ અને જ્યોતિષ દેવ બને.

---

૧૨ દેવલોકમાં ક્યાં જાય?

વ્રત પચ્ચખાણ લે અને આંશિક પાળે. જેઓ સમ્યગ્દર્શી હોય પણ વ્રતો આંશિક પાળે અને તેથી ગુણવત્તા પ્રમાણે ઉપર ઉપરના દેવલોકમાં જાય.

જૃંભક દેવો કોણ છે? (તિર્યક જૃંભક)

જૃંભક દેવો વ્યંતર જાતિના દેવ છે. તેમના આવાસ જંબુદ્વીપમાં રહેલા વૃત્ત વૈતાઢ્ય પર્વત, વૈતાઢ્ય પર્વત, કંચનગિરિ પર્વત તથા દેવકુરુ, ઉત્તરકુરુ આદિ ક્ષેત્રોમાં છે. જૃંભક દેવો જંબુદ્વીપમાં સંખ્યાતા સંખ્યાતા છે. તેઓ સદા ક્રીડામાં લીન રહે છે, તથા દિવસ અને રાત્રિના સંધિકાળમાં ફરે છે. જૃંભક એટલે બગાસું, જેવું છે તેવું રહેજો એમ બોલતા હોય છે.

તીર્થંકરના વર્ષીદાન વખતે આ દેવો જેનું ક્યાંય માલિક ન હોય તેવું ધન લાવીને આપે છે. તીર્થંકરના જન્મ પ્રસંગે તિર્યક જૃંભક દેવો પરમાત્માના ઘરમાં 32 ક્રોડ સોનૈયા અને મણિ-માણેકની વૃષ્ટિ કરે છે.

નવ ગ્રૈવેયકમાં કેવા જાય ?
જે ચુસ્ત નિયમ પાળે છે, તેઓ વિરાધના કરતા નથી અર્થાત્ દ્રવ્યથી જૈન સાધુનો વેશ હોય અને પાંચ મહાવ્રત નિરતિચાર ચુસ્તપણે પાળે. મિથ્યાત્વ સહિત કે મિથ્યાત્વ રહિત પાળે પણ નિસ્પૃહા દોષ વગરનું ચુસ્ત નિયમોનું ચુસ્ત પાલન કરે તે ૯ ગ્રૈવેયકમાં જાય

અનુત્તર વિમાનમાં કેવા જાય ?
અપ્રમાદી પંચ મહાવ્રતધારી સાધુ અર્થાત્ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનવાળા યાવત્ ૧૧ મા ગુણસ્થાનકમાં કાળ કરનાર સાધુ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે.

## ૯ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોની વિશેષતા

1) જે પાંચ મહાવ્રત લઈને સાધુ બને છે તેઓ જ અહીં આવે છે,
2, આ દેવો "અહમિન્દ્ર" હોય છે એટલે પોતે પોતાના માલિક હોય છે.
3 આ દેવો ઉત્તર વૈક્રિય (બીજું રૂપ) કરતા નથી
4, આ દેવો પોતાના શય્યા ક્ષેત્રમાં તથા તેની આજુબાજુમાં જ રહે છે. અહીં બેઠા બેઠા સમકિતિ દેવો અવધિજ્ઞાનથી અસંખ્યાતિવાર ૧૧ અંગનો સ્વાધ્યાય કરી શકે છે.
5, જે જીવ અભવ્ય હોય, પરંતુ નિરતિચાર સાધુપણાનું પાલન કરે તો તે પણ નવ ગ્રૈવેયક સુધી જઈ શકે છે.
6, અનુત્તર વિમાનમાં માત્ર સમકિતી દેવો જ હોય છે.
7, પાંચમા અનુત્તર એવા સર્વાર્થસિદ્ધ વિમાનમાં જે દેવ બને છે તે નિયમા એકાવતારી હોય છે. એમ કહેવાય છે કે જેઓએ સાધુપણાનું પાલન કરતા જો માત્ર ૭ લવ (૪ ૧/૨ મિનિટ)નું આયુષ્ય વધુ હોત અથવા એક જ છઠ્ઠનો તપ વધારે હોત તો તે મોક્ષમાં જાત પરંતુ ૭ લવનું આયુષ્ય ઓછું પડ્યું તેથી અહીં ઉત્પન્ન થાય છે.

દેવો કઈ ભાષા સમજતા હશે?

દેવો કોઈ પણ ભાષા જાણતા નથી પરંતુ ભાષા અને ભાવ દ્વારા જે આકૃતિ બને તે આકૃતિને દેવતા પકડે છે.

મંત્ર શુદ્ધ ઉચ્ચાર પૂર્વક બોલાય છે ત્યારે Vibrations ઉત્પન્ન કરે છે અને કોઈ પ્રકારનો આકાર રચાય છે જેને દેવો પકડી શકે છે.

વૈમાનિક વિમાનના દેવો ૩૩ સાગર સુધી શું કરતા હશે?

તેમની શૈયા પર કોઈ ઝુમ્મર છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| વચ્ચે | ૬૪ | મણનું | ૨ | મોતી | છે |
| તેની આજુબાજુ | ૩૨ | મણના | ૪ | " | " |
| " " | ૧૬ | " | ૮ | " | " |
| " " | ૮ | " | ૧૬ | " | " |
| " " | ૪ | " | ૩૨ | " | " |
| " " | ૨ | " | ૬૪ | " | " |
| " " | ૧ | " | ૧૨૮ | " | " |

આ મોતીના ઝુમ્મર જ્યારે હવા સાથે અથડાય છે ત્યારે વિવિધ પ્રકારના રાગ-રાગિણી ઉત્પન્ન થાય છે તેમાંથી વિવિધ પ્રકારના નાટકો દેખાય છે. આ નાટકો દેવોમાંથી ઉઠતા આકારો દ્વારા અવધિજ્ઞાન વાળા વૈમાનિક વિમાનના દેવો જુએ છે. કેમકે દેવો આકારો જુએ છે ભાષાને પકડતા નથી.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો વિશે જાણવા જેવું:

- દેવોનો જન્મ ગર્ભમાં હોતો નથી. શય્યામાં તેનો ઉપપાત થાય છે.
- દેવોમાં પાંચ પ્રકારની સભાઓ હોય છે.

(૧) ઉપપાત સભા: દેવોનો જન્મ જ્યાં થાય છે તેને ઉપપાત સભા કહે છે. તે સભામાં રત્નજડિત વસ્ત્રોથી ઢાંકેલી સુંદર સુંદર અનેક શય્યા હોય છે. ત્યાં દેવ ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂર્તમાં બધી જ પર્યાપ્તિ પૂરી કરી યુવાન બની જાય છે. છેક અંત સુધી યુવાન રહે છે. દેવો વૃદ્ધ થતા નથી.

(૨) અભિષેક સભા: જન્મ પછી દેવો માટેનું સ્નાનગૃહ

(૩) અલંકાર સભા: દેવોને વસ્ત્રાલંકાર અને આભૂષણો સજવાનું સ્થાન.

(૪) વ્યવસાય સભા: દેવના કર્તવ્ય અને નીતિના પુસ્તકોનું સ્થાન

(૫) સુધર્મ સભા: ન્યાય કરવાનું સ્થાન.

---

દેવો કેવા (ઉંમરના) દેખાય?

ભવનપતિ દેવો ૧૬ વર્ષના કુમાર જેવા યુવાન દેખાય

વ્યંતર દેવો ૨૪ વર્ષના યુવાન દેખાય

જ્યોતિષી દેવો ૨૮ વર્ષના યુવાન દેખાય

વૈમાનિક દેવો ૩૨ વર્ષના યુવાન દેખાય

## સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર

સર્વાર્થસિદ્ધ વિમાનના ઉપરી તળથી ૧૨ યોજનની ઊંચાઈ પર સિદ્ધશિલા આવેલી છે. જે ૪૫ લાખ યોજન લાંબી છે, મનુષ્યક્ષેત્રની સમશ્રેણીમાં છે.

(૧) તે મધ્યમાં ૮ યોજન સુધી અને ૮ યોજન જાડી છે, પછી જાડાઈ ઘટતા ઘટતાં કિનારે માખીની પાંખ કરતા પણ અધિક પાતળી છે.

(૨) આ સિદ્ધશિલાના ઉપરીતળથી ૧ યોજન દૂર ઊંચાઈ પછી અલોક છે. આ એક યોજનના ૪,૦૦૦ ગાઉમાંથી ૩,૯૯૯ ગાઉ નીચે છોડી ઉપરના અંતિમ ગાઉનો જે છઠ્ઠો ભાગ રહે તે ૩૩૩ ધનુષ્ય પ્રમાણ (લગભગ) સિદ્ધક્ષેત્ર છે. જે ૪૫ લાખ યોજન લાંબુ પહોળુ છે. આટલા ક્ષેત્રમાં સિદ્ધ-ભગવંતો અલોકને સ્પર્શીને રહેલા છે.

(૩) લોકના અગ્રભાગે લોકની લંબાઈ પહોળાઈ ૧ રાજુ છે. એમાંથી, મધ્યના ૪૫ લાખ યોજનમાં અનંતા સિદ્ધ ભગવંતો છે.